---

**અમદાવાદના મે. આઠમાં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી અમદાવાદ શહેરની કોટમાં**

---

**ક્રિ.કે.નંબરઃ ૧૧૯૨/૨૦૦૩**

**આંક.૧ લગત હુકમ.**

(૧). રેકર્ડ વંચાણે લીધુ, રેકર્ડ ધ્યાને લેતાં ખ્યાલ આવે છે કે, તાઃ૨૮/૮/૨૦૦૩ ના રોજ આ કામના ફરીયાદીશ્રીએ આરોપી/ઓ સામે ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૨૦ વગેરે મુજબની કલમોની ફરીયાદ દાખલ અને સદર ફરીયાદ અનુસંધાને તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરી અત્રેની અદાલતમાં ચાર્જસીટ કરેલું.

(૨). ત્યારબાદ અવાનરનવાર આરોપી/ઓ તેમજ ફરીયાદી અને સાહેદોને સમન્સ કાઢતા ફરીયાદી કે આરોપી/ઓ મળી આવેલ નથી જેથી હાલનો કેસ ૨૧ વર્ષ સુધી ડોરમેન્ટ સ્થિતિમાં રહેલ છે. સબબ જયારે ફરીયાદ પક્ષ (સ્ટેટ) ફરીયાદી અને સાહેદોને તેમજ આરોપી/ઓ ને અત્રેની અદાલતમાં હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ છે ત્યારે હાલના આરોપી/ઓ સામે તહોમત ફરમાવી શકાય તેવો પુરાવો રજૂ થયેલ નથી સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલના આરોપી/ઓ ને બી.એન.એસ.એસ. કલમ– ૨૬૨ (ઓલ્ડ ક્રી.પ્રો.કો.ની કલમ–૨૩૯) અન્વયે બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી/ઓ મળી આવતા ફરીયાદપક્ષને પોતાનો કેસ પુનઃજીવીત કરવાનો હકક રહેશે.

હુકમ આજ રોજ સ્પે.સીટીગમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૪/૯/૨૦૨૪

(પવનકુમાર એન.નવીન)
આઠમાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, યુનીક કોડ જી.જે.૦૦૭૫૮